શહેરમાં ઘર ઘર છવાયો "હર ઘર તિરંગા"નો માહોલ

શહેરીજનો પોતાના ઘરે, સોસાયટી કે કામના સ્થળે તિરંગો લહેરાવા લાગ્યાં : કેટલાંકે તો વાહનો પર પણ તિરંગા લગાડ્યાં : છેલ્લાં દિવસોમાં તિરંગાની ખરીદીમાં પણ ધસારો : સોશિયલ મિડીયા પર પણ અભિયાન છવાયું

ગાંધીનગર, તા. ૧૨

દેશભરમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે. વર્ષોની ગુલામી બાદ ભારતને અંગ્રેજોના શાસનમાંથી મુક્તિ મળ્યાંને ૭૫ વર્ષ પૂર્ણ થયાં છે. આ પ્રસંગે છેલ્લાં એક વર્ષથી ઉજવાઇ રહેલાં આ મહોત્સવ અંતર્ગત આગામી તા.૧૫ ઓગસ્ટે આવી રહેલાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી માટે "હર ઘર તિરંગા" અભિયાનનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આહવાન કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં દેશવાસીઓને તા.૧૩થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન પોતપોતાના ઘરે, સોસાયટી કે કામના સ્થળે તિરંગો લહેરાવવા કરી અપીલ કરવામાં આવી છે જેને ગાંધીનગરમાં ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને શહેરમાં અનેક ઘરો અને દુકાનો પર છેલ્લાં બે-ત્રણ દિવસથી તિરંગા શાનથી લહેરાતાં જોવા મળી રહ્યાં છે. આ ઉપરાંત શહેરમાં તિરંગા યાત્રાઓ યોજાઈ રહી છે જેમાં વિદ્યાર્થીઓ માંડીને સામાન્ય નાગરિકો પણ ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યાં છે. ગાંધીનગરમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર અને તેના વિવિધ વિભાગો ઉપરાંત મહાનગરપાલિકા, જિલ્લા કલેક્ટર કચેરી તેમજ શૈક્ષણિક સંસ્થાઓ અને ભાજપ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવાઇ રહ્યું છે. શહેરમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓને પણ આ અભિયાનમાં જોડવામાં આવી છે અને શાળા-કોલેજો દ્વારા દરરોજ વિવિધ વિસ્તારોમાં તિરંગા યાત્રા યોજવા સાથે અનેકવિધ પ્રવૃતિઓ-સ્પર્ધાઓ યોજાઇ રહી છે. શહેરમાં ગૃહ રાજ્યમંત્રીથી માંડીને મેયર સુધીના હોદ્દેદારો તિરંગા યાત્રામાં જોડાઈને તિરંગાનું વિતરણ કરી ચુક્યાં છે અને નાગરિકો પણ આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યાં છે અને પોતાના ઘર, ઓફિસ કે દુકાનની લગાડવા તિરંગા ખરીદી રહ્યાં છે. સોશિયલ મિડીયા પર પણ સતત "હર ઘર તિરંગા અભિયાન" છવાયેલું જોવા મળી રહ્યું છે. માર્ગો ર તિરંગા વેચતાં અનેક ફેરિયા જોવા મળી રહ્યાં છે. અનેક નાગરિકોએ તો છેલ્લાં બે-ત્રણ દિવસથી તેમના ઘર, ઓફિસ, દુકાનો અને વાહનો પર પણ તિરંગા લહેરાવી દીધાં છે. મહાનગરપાલિકા દ્વારા તિરંગા વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે જ્યાંથી નાગરિકો મોટી સંખ્યામાં તિરંગા ખરીદી રહ્યાં છે. શહેરમાં અત્ર-તત્ર-સર્વત્ર તિરંગા લહેરાતાં જોવા મળી રહ્યાં છે અને આવતીકાલથી હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે તમામ ઘરો-દુકાનો-કાર્યાલયો તેમજ નાગરિકોના વાહનો પર તિરંગા લહેરાશે.

કેવા તિરંગા ખરીદશો?

ગાંધીનગરમાં "હર ઘર તિરંગા" અભિયાન સાથે આગામી સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવા શહેરીજનો થનગની રહ્યાં છે અને તિરંગા ખરીદવા માટે ધસારો કરી રહ્યાં છે. તિરંગાની ખરીદી કરતી વખતે નાગરિકોએ કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે જેમકે રસ્તાઓ પર કે દુકાનોમાં વેચાઇ રહેલાં પ્લાસ્ટિક કે કાગળના બનેલાં તિરંગા ખરીદવા ના જોઇએ. તિરંગા કેમકે આવા તિરંગા પર્યાવરણ માટે નુકસાનકારક સાબિત થઇ શકે છે. તિરંગા હંમેશા કાપડના ખરીદવા જોઇએ જેથી તેને સન્માનપૂર્વક સાચવી શકાય અને દર વર્ષે ઉપયોગમાં લઇ શકાય. હવે ખાદી ઉપરાંત સુતર, વુલ, સિલ્ક કે પોલિસ્ટરના કાપડમાં પણ તિરંગાને માન્યતા આપવામાં આવેલી છે.

એસ.કે. રાજપૂત શાળા ગાંધીનગર સેક્ટર પ.૬માં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વના મુખ્ય મહેમાન સંજય સર આવ્યા હતા. તેમણે સરહદ પર રહીને દેશની સેવા કરી છે અને હાલમાં સરહદ પર જે સૈનિકો દેશની સેવા કરી રહ્યા છે તેમનું રક્ષણ થાય તે હેતુથી શાળાની બાળાઓએ સંજયસરને રાખડી બાંધી હતી. એમને પોતાના જીવનનાઅનુભવો પણ વર્ણવ્યા હતા કે સરહદ પર રહેનારા વીર રક્ષકો ને ઘણીવાર કેવી મુશ્કેલી પડતી હોય છે એ એમને વર્ણવ્યું હતું. પાણીનો બચાવ કરવો એ એમના પ્રસંગ પરથી બાળકોને સમજાવ્યું હતું. બાળકોને ભારત માતા ના રક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા હતા. શાળાનો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો

માણસા આનંદી માઁ ના વડલે દર સોમવારે સાંજના ભસ્મ આરતીના દર્શનનું આયોજન

ગાંધીનગર,તા.૧૨

પવિત્ર શ્રાવણ માસની પુર્ણિમાના પાવન દિવસે ગાંધીનગર મહાનગર પાલિકા અને યોગી ટ્રાન્સપોર્ટ ના સંયુક્ત ઉપક્રમે શરુ કરવામાં આવેલ ધાર્મિક યાત્રા પ્રવાસમાં આજરોજ ગાંધીનગર ના કુડાસણ ના યાત્રિકો એ માણસા આનંદી માઁ ના વડલે માઁ પાલઈ વિઘ્નેશ્વરી ધામ ખાતે બનાવવામાં આવેલ પંચમુખી રૂદ્રાક્ષના વિરાટ શિવલિંગના સ્તંભેશ્વર મહાદેવના તેમજ ભારતમાતા અને મા બાપના મંદિર ના દર્શન નો લાભ લીધો હતો. ગાંધીનગર ના પ્રજાજનો માટે આશિર્વાદરૂપ આ ધાર્મિક યાત્રા નું આયોજન કરવા બદલ મેયર હિતેશભાઈ મકવાણા અને યોગી ટ્રાન્સપોર્ટ ના સંચાલકો નો તેમજ ભોજન પ્રસાદ અને ચા પાણીની

વ્યવસ્થા કરવા બદલ ગાંધીનગર શહેર ભાજપ સંગઠન ના પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ નો આભાર માન્યો હતો. આનંદી માઁ ના વડલાના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી અને ભાજપા અગ્રણી સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ દ્વારા સૌ યાત્રિકો નું સ્વાગત કરી સંસ્થાના સેવાકાર્યો ની માહિતી પુરી પાડી ધર્મલાભ લેવા બદલ સૌનો આભાર માન્યો હતો તેમજ દર સોમવાર સાંજના ૭-૩૦ કલાકે ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિ દિવ્ય થતી ભસ્મ આરતીના દર્શન માટે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

ગુજરાત પોલીસ દ્વારા જીઆઇપીએસમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગુજરાત પોલીસ સ્વતંત્રતાના ૭૫ વર્ષ નિમિત્તે "આઝાદીનો અમૃત મહોત્સવ" અંતર્ગત ગાંધીનગર ખાતેના રાષ્ટ્રીય અનામત પોલીસ દળના જૂથ-૧૨ દ્વારા પરેડ માર્ચ પાસ્ટ સમારોહ તથા પી.ટી.યોગા, યુ.એસ.સી વગેરે કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતાં. પરેડનું સંચાલન પીઆઇ ડી.જી.ટુંડીયા, પી. ટી. યોગાનું પીઆઇ આર.જે.સોલંકી તથા રાજ્ય અનામત પોલીસ દળના જૂથ-૧૨ના અધિકારી જવાનો, જુથ-૧૨ના પોલીસ બેન્ડ દ્વારા યુ.એસ.સી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટ્રી, પ્રિન્સીપાલ તથા શિક્ષણગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં પણ અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો જેમાં બાળકોમાં દેશ પ્રેમની ભાવના જાગ્રત થઈ હતી.

પ્રિ- સ્કૂલ સેક્ટર - ૫ ડી માં તારીખ ૧૦-૮- ૨૦૨૨ ના રોજ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો પાસે રાખડી બનાવડાવી હતી અને બનાવેલી રાખડી દ્વારા જ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

સે.૧૧માં સ્વાતંત્ર્ય મહોત્સવ માટે લગાડાયેલાં ઝંડાઓમાં અશોક ચક્ર ના દેખાતાં સર્જાયુ આશ્ચર્ય

ગાંધીનગર, તા.૧૨

ભારતને અંગ્રેજોના શાસનમાંથી મુક્તિ મળ્યાંને ૭૫ વર્ષ પૂર્ણ થયાં છે.

આ પ્રસંગે ઉજવાઇ રહેલાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત "હર ઘર તિરંગા" અભિયાનનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આહવાન કરવામાં આવ્યું છે જે અંતર્ગત દેશવાસીઓને તા.૧૩થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન પોતપોતાના ઘરે, સોસાયટી કે કામના સ્થળે તિરંગો લહેરાવવા કરી અપીલ કરવામાં આવી છે જેને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જોકે આ અભિયાન વચ્ચે શહેરમાં સેક્ટર-૧૧ના રામકથા મેદાનમાં તા.૧૫મી ઓગસ્ટની તૈયારી શરૂ કરી દેવાઇ છે જેમાં લગાડાયેલાં તિરંગાઓમાં અશોક ચક્ર જ ગાયબ હોવાને પગલે ત્યાંથી પસાર થતાં નાગરિકોમાં આશ્ચર્ય ફેલાવા પામ્યું હતું.

ગાંધીનગરના સેક્ટર-૧૧માં જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય મહોત્સવ ઉજવાશે જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ મહોત્સવ માટે સજાવાઇ રહેલાં મંડપ અને તેની ફરતે તૈયાર કરાઇ રહેલી કાપડની બાઉન્ડ્રી સાથે થોડા થોડા અંતરે હારબંધ થાંભલાઓ ઉભા કરીને તેની પર તિરંગા ફરકાવાયાં છે. આ તિરંગાઓમાં વચ્ચે અશોક ચક્ર નહોતું અને માત્ર ત્રણ રંગના ધ્વજ જોવા મળ્યો હતા. આ ઝંડાઓમાં અશોક ચક્ર ના હોવાને કારણે અહીંથી પસાર થઇ રહેલા નાગરિકોને આશ્ચર્ય થવા પામ્યું હતું.

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે વક્તૃત્વ સ્પર્ધા, બેજ તથા કેન્ડલ્સ મેકિંગ તથા ફ્લેગ મેકિંગ એક્ટિવિટી યોજવામાં આવી. બાળકોમાં ક્રિએટિવિટી માં વધારો થાય તથા આપણા ભારત દેશ ના 'ત્રિરંગા' ને માન આપે અને તે વિશે જાણે તે હેતુથી આ એક્ટિવિટી યોજવામાં આવી હતી. બાળકોએ સુંદર મજાના ત્રિરંગા બનાવ્યા હતા. અને અલગ અલગ પ્રકારના નેશનલ સિમ્બોલ્સ ,કેન્ડલ્સ પણ બનાવ્યા હતા. ત્યારબાદ સ્વતંત્રતા દિવસને અનુરૂપ ખુબ સુંદર મજાના બેજીસ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યા હતા. આ સુંદર મજાનું કાર્ય બાળકોએ કરી ભારત દેશને વધુ આગળ લાવવા તથા હર હંમેશ સન્માન આપવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. વકતૃત્વ કૌશલ્ય વિદ્યાર્થીઓના ઉચ્ચારણ, જ્ઞાન તથા અભિવ્યક્તિ પ્રદર્શિત કરવામાં મદદ કરે છે.

ખિચડી પ્રસાદ કેન્દ્ર, સેક્ટર ૭ ખાતે સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરના સૌજન્યથી ભરપુર શાકભાજી મિશ્રિત પૌષ્ટિક અને ગરમાગરમ ખિચડી વિતરણ કરવાનુ આયોજન કરવામાં આવ્યું હતું. કાઉન્સિલના હોદેદારો, જયરામ સોની અને દશરથભાઈ પરમાર વિતરણ સેવા માં જોડાયા

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ના પરિસરમાં રક્ષા બંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર,તા.૧૨

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર ખાતેના પરિસરમાં રક્ષાબંધની ભવ્ય ઉજવણી કરવામાં આવી.પરિસરમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓ અને સ્ટાફ ગણને સંસ્થાના સંચાલક કિરણસિંહ, પિનાકભાઈ અને રૂપસિંહદાદાની હાજરીમાં સર્વેને રાખડી બાંધીને મોં મીઠું કરાવામાં આવ્યું હતું.સર્વેના મોઢા પર ખુશીની લહેર જોવા મળી હતી.સર્વેએ સાથે ભોજન કર્યું હતું

ગાંધીનગરના યુવાનો રક્તદાન કરીને સ્વાતંત્ર્ય પર્વ ઉજવશે

સોમવાર તા.૧૫મી ઓગસ્ટે સે.૧માં ગાયત્રી મંદિર ખાતે "હેપ્પી રક્તદાન શિબિર" યોજાશે

ગાંધીનગર તા. ૧૨

ભારતના "આઝાદીના અમૃત મહોત્સવ" નિમિત્તે "હેપ્પી યુથ ક્લબ" દ્વારા લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના અને ગાયત્રી પરિવારના સહયોગથી તા.૧૫મી ઓગસ્ટ, ૨૦૨૨ સોમવારના રોજ સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા દરમ્યાન ગાંધીનગરના સેક્ટર-૧માં ગાયત્રી મંદિરે સાધના હોલ ખાતે "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. "હર ઘર તિરંગા" અભિયાનની થીમ સાથે યોજાનાર આ "હેપ્પી રક્તદાન શિબિર"નો હેતુ યુવાનો સહિત જાહેર જનતામાં ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સ્વાતંત્ર્યવીરો પ્રત્યે સન્માન અને ગર્વની ભાવના પેદા કરવાનો છે. આ રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે "રક્તદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનીત કરવામાં આવશે. "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતેથી બ્લડ બેંકની ટીમ દ્વારા આપવામાં આવશે. આ "હેપ્પી રક્તદાન શિબિર"માં એકત્ર રક્ત જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે. દેશના સ્વાતંત્ર્ય પર્વના અણમોલ અવસરે આયોજિત "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્તદાન કરીને આઝાદીનો અમૃત મહોત્સવ માનવસેવાના કાર્યથી ઉજવવા મોટી સંખ્યામાં સામેલ થવા શહેરના યુવાનોને હેપ્પી યુથ ક્લબ સહિત સહઆયોજકો દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

સાયન્સ સિટી ખાતે ડો. વિક્રમ સારાભાઈની જન્મજયંતી ઉજવાઇ

ગાંધીનગર, તા.૧૨

ઈસરો-સેક ગુજકોસ્ટ અને સાયન્સ સિટી દ્વારા દેશના મહાન વિજ્ઞાની ડો. વિક્રમ સારાભાઈની ૧૦૩મી જન્મજયંતિ નિમિતે આજે ગુજરાત સાયન્સ સિટી ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડો.વિક્રમ સારાભાઈનું ભારતીય અવકાશ વિજ્ઞાનમાં યોગદાન અને ભારતની અવકાશ ક્ષેત્રમાં સિદ્ધિઓ વિષે વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશરે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન રસિકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ઈસરો-સેક અંતર્ગત વેદાસ વેબના સિનિયર સાયન્ટિસ્ટ અને હેડ હિરેન ભટ્ટે

પ્રેઝન્ટેશન દ્વારા ડો.વિક્રમ સારાભાઇ વિશે તથા ભારતીય અવકાશ વિજ્ઞાન વિશે રસપ્રદ માહિતી આપી હતી. ઉપરાંત ભુવનેશ્વરથી નેનો સાયન્સ એન્ડ નેનો ટેક્નોલોજીના ડાયરેક્ટર શીખશા 'ઓ' અનુસંધાન, ડાયરેક્ટર મટીરીયલ કેમેસ્ટ્રી સાયન્ટિસ્ટ ડો. કે.એમ. પરિડા, પણ ઉજવણીમાં હાજર હતા. ડો.ભટ્ટે ડૉ. સારાભાઈના અવતરણ "જે ઘોંઘાટની વચ્ચે સંગીત સાંભળી શકે છે તે મહાન વસ્તુઓ પ્રાપ્ત કરી શકે છે" સાથે જણાવ્યું હતું કે "સૌએ ડૉ. સારાભાઈમાંથી પ્રેરણા લેવી જોઈએ." રાજ્યની અલગ અલગ શાળાઓમાથી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ ઉજવણીમાં ભાગ લીધો હતો અને પ્રેરણા મેળવી હતી.